# મહાવીર જયંતી કેવી રીતે ઊજવીશું ?

જયંતીઓ કોની ઊજવવી ? તેની, કે જેણે મહાન જય-વિજય પ્રાપ્ત કર્યો હોય. જયંતીઓ શા માટે ઊજવવી ? એટલા માટે, કે તેથી ઊજવનારને મહાન જય-વિજય પ્રાપ્ત કરવાની પ્રેરણા અને શકિત મળે. મહાન જય-વિજય એકલે શું ? એટલે કે, મોક્ષ-મુકિત-કૈવલ્ય-આત્યંતિક સુખશાંતિની પ્રાપ્તિ.

શ્રી રામનવમી, મહાવીર જયંતી અને હનુમાન જયંતી નજીક નજીક આવે છે. મહાવીર જયંતી અને હનુમાન જયંતી તો અતિ નજીક હોય છે. હનુમાન પણ મહાવીર કહેવાય છે. હનુમાન અને વર્ધમાન માટે વપરાતું મહાવીર નામ ખૂબ સૂચક છે. ઉદારતાપૂર્વક ગોતવાવાળાને આ બંને વિભૂતિઓમાં એકાત્મકતા જરૂર મળી રહે. આજે થોડી વાતો મહાવીરજયંતી વિષે કરીએ.

મહાવીર જયંતી તો દર વર્ષે આવે છે અને તેને આપણે આપણી રીતે ઊજવીએ પણ છીએ. આમ ઘણી બધી મહાવીર જયંતીઓ ઊજવીને આપણને પ્રાપ્ત શું થયું ? આપણે પ્રાપ્ત શું કર્યું ? ફક્ત પ્રાપ્ત કર્યું આવતી જયંતીની રાહ જોવાનું ! ઉજવણી પછીના બીજે જ દિવસે 'જૈસે થે'ના ઢાંચામાં ઢળી ગયા. જો મહાવીરપણાનો-મહાશૂરવીરપણાનો એક અંશ પણ મેળવી ન શકીએ, આચરી ન શકીએ તો પુનઃ પુનઃ જયંતીઓ ઊજવવાનું જ – એ રીતે મન મનાવવાનું જ આપણા ભાગમાં-ભાગ્યમાં આવે ને ? સર્વસામાન્ય માનવી આથી વધુ કરી પણ શું શકે ? પરંતુ—

સર્વસામાન્ય માનવી જ કાયમ રહેવું છે ? મહાશૂરવીરપણું મેળવી કદી અસામાન્ય નથી થવું ? ઘાણીનો બળદ કદી નથી મટવું ? ગાડાની ધોંસરી નીચેથી કદી નથી હટવું ? ચોર્યાશી લાખના ચકરમાંથી કદી નથી છૂટવું ?

બહારની આગ બુઝાવવા તો દોડીએ છીએ પરંતુ આપણા પગમાં જ ભડકો ઊઠી રહ્યો છે તેનું શું ? બહારના દુશ્મનોને પછાડવા તો પેંતરા રચી રહ્યા છીએ પણ આંતરશત્રુઓનું શું ? જ્યાં સુધી અંતરમાં વલોણું વલોવાઈ રહ્યું છે ત્યાં સુધી બહારની સમસ્ત પૃથ્વીના શત્રુઓ ઉપર જીત મેળવી લેવાથી શું વળવાનું ?

॥ મનેવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ ॥
મનકે જીતે જીત હૈ, મન કે હારે હાર;
મનમાની ગતિ છોડીને, થા મન પર અસવાર.

નવકારનો પહેલો જ અંશ છે 'નમો અરિહંતાણં'. એટલે કે અરિનો–દુશ્મનનો–આંતરશત્રુઓનો હંત–અંત–નાશ કરનારને–કરાવનારને અમારા નમસ્કાર છે, નમસ્કાર છે, નમસ્કાર છે. અમે જેમને નમસ્કાર-વંદન–પ્રણામ કરીએ છીએ તેવા શ્રદ્ધેયો–પૂજ્યો–સંતો–મુનિઓ તરફથી અમે એ આશા શ્રદ્ધા રાખીએ છીએ કે તેઓ અમને અમારા આંતરશત્રુઓને હણવામાં પ્રેરે – શક્તિ આપે. અમે, એમના ચરણોમાં ઝૂકીએ છીએ કે જેઓ છદ્મશત્રુઓને ઝુકાવી ચૂક્યા છે.

આ વખતની મહાવીર જયંતી તો મહાવીર જયંતીને છાજે એવું કાંઈક કરીને – એવું કાંઈ વ્રત લઈને ઊજવીએ, મહાવીરને મહાશૂરવીરતા પૂર્વકની અંજલિ અર્પીએ. આપણે અત્યારે જે રીતે મહાવીર જયંતી ઊજવીએ છીએ તેમાં તેની ગંભીરતા કે તેનું ગૌરવ જળવાય એવું કાંઈ કરીએ છીએ ? આજે એવું કાંઈ કરીએ કે જેથી આપણામાં રહેલું મહાવીરપણું મહેંકી ઊઠે. કમ સે કમ વીરપણું કે ધીરપણું તો જરૂર દીપી ઊઠે. એકે એક વ્યક્તિના અંતરમાં સુપ્ત રીતે મહાવીરપણાનું બીજ પડયું જ છે. આ બીજને યોગ્ય હવા–પાણી મળશે તો તેનો વિકાસ થતાં વાર નહીં લાગે. અરે ! લસણ, ડુંગળી, તમાકુ જેવા સ્થૂળ અને અશુદ્ધ પદાર્થોના પણ સંપર્કમાં આવનારને તેનાં ગંધ–લેપ ચોંટી જાય છે, તો શું મહાવીર જયંતી જેવી પવિત્ર ઉજવણીની અસર આપણા ઉપર નહીં થાય ? કે અસ્થાયી થશે ? ઘણી બધી ઊજવી તોય હજુ સુધી કાંઈ અસર કેમ નથી થઈ? તેવો પ્રશ્ન કદી આપણે આપણને પૂછયો છે ?

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સાર્વભૌમ મહાવ્રત કહેવાય છે. મહાવીર જયંતીના દિવસે આ પાંચ મહાવ્રતમાંના એક વ્રતપાલનનો નિયમ લઈએ તો ? તો જ આજની ઉજવણી સાચી કહેવાય અને નહીં તો પછી 'પીછે સે ચલી આતી હૈ' જેવી મન છેતરવાની વાતો કરીને જ વડાં કરવાનાં.

જેમ માળાને ગમે તે મણકાથી ફેરવવાનો–ગણવાનો પ્રારંભ કરીએ તોય તેનો મેરુ તો હાથમાં આવે જ છે, તેમ મહાવ્રતોમાંથી ગમે તે એક વ્રતનું પ્રમાણિકપણે પાલન કરીએ તો અન્ય ચાર વ્રતોનું પાલન પણ તેમાં સમાઈ જ જાય છે. લીધેલા નિયમના વ્રતપાલનમાં જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિ આવે છે ત્યારે તેની સામે ટક્કર લેવામાં એ વખતે ખરેખર જ મહાવીરપણું જગાડવું પડે છે અને એ વખતની મજા તો 'માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને' જેવી હોય છે. શુભસ્ય શીઘ્રમ્, કાલની કોઈને ખબર નથી માટે કલ્યાણકારી વ્રત તો 'આજ આજ ભાઈ અત્યારે' જ લઈ લઈએ.

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

આ લીટીઓ કેટલાં બધાં સાવધાન કરી દે છે! માતા બનનાર બહેનોએ તો આ લીટીઓ ગાંઠે બાંધી લેવા જેવી છે. જો મા બનવું જ હોય – જો પ્રસૂતિની પીડા વેઠવી જ હોય – બાળકને જણવું જ – જન્મ આપવો જ હોય તો તેવા બાળકને જણજે જે ભક્ત કે દાતા કે શૂર–વીર–મહાવીર–અતિવીર હોય; બાકી મગતરાંઓથી તો પૃથ્વી, પાતાળ, આકાશ ખીચોખીચ ભરેલાં જ પડયાં છે, એમાં વળી એકનો વધારો કરીશ નહીં. ભક્ત, દાતા કે શૂરને જન્મ આપવામાં તારાં નૂર-તેજ હણાતાં હોય તો તે લેખે છે, બાકી મગતરાંનો, મુડદાલનો વધારો કરવામાં તારું નૂર હણીશ નહી – મનખો બગાડીશ નહીં – દરહણ ભંડાવીશ નહીં. એના કરતાં તો વાંઝણી રહેવું બહેતર છે. જન્મોજન્મની શીલ-રૂપી પૂંજીના ભોગે જો કોઈ ઉદ્ધારક અવતરાવી ન શકાયો તો શીલરૂપી-શિયળરૂપી પૂંજીને ખોઈને જનમભરનું દારિદ્ર વહોરવાનો અર્થ શું?

કેવળ ભોગવિલાસ માટે જ "નૂર" ગુમાવવાની મૂર્ખામી રખે કરાય! આ સાવધાનીનાં આદેશ કેવળ માતાઓ માટે જ છે એમ સમજવાનું નથી, આ ચેતવણીમાં આડકતરી રીતે પિતાના સમાવેશનો પણ સંકેત કરી જ દીધો છે. માતા અને પિતા બનનાર સૌએ આ મહાઆદર્શ નજર સમક્ષ રાખીને મહાવીરની, મહાત્માઓની જયંતીઓ ઊજવવાની છે. જેથી હજુ સુધી જો સાવધાન ન થઈ શકયા હોઈએ તો તુરત થઈ શકાય.

આવી મહાજયંતીઓ ઊજવવાથી એ વાતની યાદ આવે છે કે આ દિવસે કોઈ 'મહા'નાં માતાપિતાએ નૂર ગુમાવ્યું ન હતું પણ શૂર–શહૂર મશહૂરપણું પ્રાપ્ત કરવા માટેનું પ્રથમ પગલું ભર્યું હતું; જગતના ઉદ્ધાર માટે મરજીવાને જગત ઉપર ઉતારવા પોતાના જન્મોજન્મની સંયમ મૂડીનું – મહાતેજ–પુંજ–નૂરનું તે દિવસે હસતાં હસતાં દાન–પ્રદાન – બલિદાન કરી દીધું હતું.

ઉપરોક્ત વાતોને અતિ રસપૂર્વક વાંચવી–વંચાવવી, પ્રચારવી–પ્રચારાવવી, છાપવી–છપાવવી વગેરે પણ આવી મહાજયંતીઓ ઊજવવાનો એક અતિ ઉત્તમ પ્રકાર જ છે તે કદી ન ભુલાય.